# ગુજરાતનો મહાસંગ્રામ 2012

# કોંગ્રેસ હાઈકમાન્ડ હચમચે તેવો ધડાકો કરીશું : અમીન

## રાજ્યભરના અમારા સમર્થકો તથા આગેવાનો સાથે ચર્ચા કરી કઈ દિશા પકડવી તેનો નિર્ણય લઈશું : નરહરિ અમીન

અમદાવાદ, તા. ૪

રાજ્યના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી અને કોંગ્રેસના દિગ્ગજ નેતા નરહરિ અમીને તેમના ટેકેદારો સાથે કોંગ્રેસના સભ્યપદેથી રાજીનામું આપ્યા બાદ આગામી એકાદ-બે દિવસમાં જ મોટી સંખ્યામાં તેમના સમર્થકો અને કાર્યકરો સાથે ભાજપમાં જોડાઇ જશે તેવી શક્યતાઓ વર્તાઇ રહી છે.

નરહરિ અમીને આજે સંપૂર્ણ સમાચાર સેવા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, કોંગ્રેસના તમામ હોદ્દાઓ અને સભ્યપદેથી રાજીનામું આપી દીધા બાદ હવે હું મારા સમર્થક કાર્યકરો સાથે ચર્ચા કરી આગળની રણનીતિ નક્કી કરીશ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ મારા સેંકડો સમર્થકોના ટોળે ટોળા મારા નિવાસસ્થાને ઉમટી પડ્યા હતા અને પ્રદેશ કોંગ્રેસથી માંડીને કોંગ્રેસના હાઇકમાન્ડ દ્વારા જે રીતે મને અને કેટલાક આગેવાનોને અન્યાય



કરવામાં આવ્યો છે તેની સામે લડી લેવાની સામુહિક લાગણી વ્યક્ત કરી હતી. કોંગ્રેસના હાઇકમાન્ડ સામે સખત નારાજગી વ્યક્ત કરતા અમીને એવો પણ દાવો કર્યો હતો કે, આવતીકાલે રાજ્યભરના પાટીદાર આગેવાનો તથા મારા સમર્થક કાર્યકરો અને અગ્રણીઓ સાથે હું વિચાર વિમર્શ કરી આગળની રણનીતિ નક્કી કરીશ અને અમે એવો ધડાકો કરીશું કે કોંગ્રેસનું હાઇકમાન્ડ પણ હચમચી ઉઠશે. જ્યારે નરહરિ અમીનને એમ સ્પષ્ટ રીતે પૂછવામાં આવ્યું કે શું તમે હવે ભાજપમાં જોડાશે તેવા પ્રશ્નનો ગોળગોળ જવાબ આપતા તેમણે માત્ર એમ કહ્યું કે તમે અનુમાન લગાવી શકો છો પરંતુ આવો કોઇપણ નિર્ણય હું મારા સાથીદારો, સમર્થકો, કાર્યકરો અને શુભેચ્છકો સાથે ચર્ચા કર્યા બાદ લઇશ.

# કોંગ્રેસ એટલે જાહેર જીવનમાં દગાબાજીનું બીજું નામ : મોદી

## ગુજરાતમાં ભાજપ તરફી એવી લહેર છે કે જેની આંધીમાં કોંગ્રેસના મૂળિયા ઉખડી જશે : કોંગ્રેસ ઉપર સીધા પ્રહારો

અમદાવાદ, તા. ૪

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ભાજપાના ચૂંટણી પ્રચાર અભિયાનમાં આજે જણાવ્યું હતું કે, આ ચૂંટણીમાં અત્યારે ભાજપા તરફી લોકચાહનાની એવી લહેર હું જ્યાં જાઉં ત્યાં જોવા મળી છે એ સ્પષ્ટપણે બતાવે છે કે જન-જુવાળની આ ભાજપ તરફી આંધિ કોંગ્રેસના મૂળીયાં ગુજરાતમાંથી ઉખાડીને ફેંકી દેશે. જનતાની સાથે છેતરપિંડી કરનારી કોંગ્રેસને કોઈ કાળે ગુજરાત સ્વીકારશે નહીં.

નરેન્દ્ર મોદીએ આજે દક્ષિણ-પૂર્વ ગુજરાતના નિઝર, માંડવી અને ચીખલીમાં ત્રણ આદિવાસી જનમેદનીની વિશાળ સભાઓમાં કોંગ્રેસ ઉપર જાહેરજીવનમાં જનતાની પીઠમાં ખંજર ભોંકવાની, પોતાના જ પક્ષના કાર્યકર્તાઓની સાથે દગો કરવાની અને સાથી પક્ષનો ધોખો કરવાની સણસણતી પ્રતિક્રિયા આપી હતી. નિઝરમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે કોંગ્રેસ એટલે દગાબાજી, ધોખાબાજી અને સોદાબાજીનું બીજું નામ. નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે આ ચૂંટણીમાં ભાજપાના કમળ ઉપર મતનું બટન દબાવશો એટલે ગુજરાતના વિકાસ માટે બાર-બાર વર્ષથી મજૂરની જેમ સેવા કરનારા નરેન્દ્ર મોદીના નામે જમા થઈ જશે. ગુજરાતના વિકાસ માટે ભાજપાએ જાહેર કરેલો સંકલ્પપત્ર સામાન્ય માનવીના સુખ-સમૃદ્ધિના સપના સાકાર કરશે.

આ ચૂંટણીમાં ધારાસભ્યોની હાર-જીત નહીં પણ ગુજરાતની આવતીકાલનું ઉજ્જવળ ભાવિ ભાજપાના હાથમાં ફરીથી સોંપવાનો જનફેંસલો થવાનો છે. ચીખલીમાં મુખ્યમંત્રી એ ગુજરાતમાં કોંગ્રેસ કેવા જુઠ્ઠાણા ફેલાવીને જનતાનો ગુમરાહ કરવા માંગે છે તેનું દ્રષ્ટાંત આપતા જણાવ્યું છે કે ગુજરાતમાં ઈજનેરી શિક્ષણ સૌથી સસ્તુ છે અને મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, રાજસ્થાનમાં તો જેટલી ઈજનેરી કોલેજો પ્રત્યેક રાજ્યમાં છે તેમાં સરકારી કોલેજોમાં ગુજરાતમાં સૌથી વધુ સરકારી ઈજનેરી કોલેજો છે.

રાજસ્થાનમાં રૂા. ૪૫૦૦૦, હરિયાણામાં રૂા. ૪૦,૦૦૦, આંધ્રમાં રૂા. ૪૨૦૦૦, મહારાષ્ટ્રમાં રૂા. ૨૫૦૦૦ ઈજનેરી કોલેજોની ફી છે જ્યારે ગુજરાતમાં માત્ર રૂા. ૧૫૦૦ની જ ફી છે છતાં કોંગ્રેસ યુવાનોને ગુમરાહ કરવા જુઠ્ઠાણા ફેલાવે છે. માંડવીમાં નરેન્દ્ર મોદીએ ગુજરાતના લોકોના મત લઈને સત્તા ઉપર બેઠેલી કેન્દ્રની કોંગ્રેસ સરકાર જનતાને તેનો હિસાબ આપવા બંધાયેલી છે એમ જણાવી ગુજરાતની જનતા આ ચૂંટણીમાં કોંગ્રેસનો જ હિસાબ કરશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને કોંગ્રેસના પરિવારવાદની સત્તાભૂખની આકરી આલોચના કરી હતી.

# રાજકીય સ્થિરતા જ વિકાસને વેગીલી બનાવશે : નરેન્દ્ર મોદી

## કોંગ્રેસ સત્તાભૂખી અને જી-હજૂરીયા કૌભાંડકારીની પાર્ટી કુલ બાવન શહેરોમાં એકી સાથે મોદીનો લાઇવ ટેલીકાસ્ટ

અમદાવાદ, તા. ૪

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ગુજરાતમાં એકીસાથે ૫૨ (બાવન) શહેરોમાં થ્રી-ડી ટેકનોલોજી ઈમેજથી જનતા જનાર્દનનો સંપર્ક કરતા અનુરોધ કર્યો હતો કે આ ચૂંટણી ગુજરાતનું ભાવિ કોના હાથમાં સોંપવું છે તે નક્કી કરનારી છે. આપણે ગુજરાતને કોંગ્રેસના કૌભાંડોથી સંપુર્ણ મુક્ત રાખ્યું છે અને ગુજરાતના યુવાનો, કિસાનો, મહિલા, દલિત શોષિત, આદિવાસી સૌના સપના સાકાર કરવા છે.

ગુજરાતના કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં એવી કોઈ જ નવી વાત નથી જે રાજ્યના વિકાસને નવો મોડ આપે એમ જણાવી મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે ગુજરાતના ભવ્ય નિર્માણ માટે ભાજપાના સંકલ્પપત્રનો અભ્યાસ કરવા તુલના કરવા રાજકીય પંડિતોને અનુરોધ કર્યો હતો. રાજકીય સ્થિરતાથી આ સરકારને જનતાએ પીઠબળ આપ્યું છે એમ તેમણે જણાવ્યું હતું. એક સાથે લાખો નાગરિકોને ટેકનોલોજી દ્વારા મળવાના સૌભાગ્યનો ઉલ્લેખ કરી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે હું હંમેશા પ્રત્યેક પળ જનતાના સ્નેહ પ્રેમ વચ્ચે જ રહ્યો છું. જે હરેક ક્ષણથી નવી ઊર્જા મળી છે. દુનિયામાં કોઈ સમૃદ્ધ દેશમાં પણ લોકસંપર્કથી થ્રી ડી ટેકનોલોજી દ્વારા કયાંય ચૂંટણી પ્રચાર થયો નથી. ગુજરાતની આ ઘટના જ વિશ્વની અજોડ ઘટના છે. આપણા ગુજરાતીની છાતી ગજગજ ફૂલે, માથુ ઊંચું રાખીને દુનિયામાં ઉભો રહી શક્યો છે. આ ચૂંટણી ઉમેદવારનું ભાગ્ય નક્કી કરવાની હાર-જીતની નથી, પરંતુ જનતાએ નિર્ધાર કરવાનો છે કે ધબકતું વિકાસની ઊંચાઈ પાર કરી રહેલું ગુજરાત કોને સુપરત કરવું છે એમ જણાવી મુખ્યમંત્રીએ જણાવ્યું કે ભાવનામાં તણાઈને કે જુઠ્ઠાણાની ભરમારથી ઉમેદવારના નામ સામે બટન દબાવવાની ભૂલ થાય નહીં તે જોજો. કોંગ્રેસે તો જનતાને જુઠ્ઠાણાના સપના બતાવેલા-પ્રજાની આંખમાં ધૂળ નાંખી, વોટબેન્ક રાજનીતિ કરવા એકબીજાને લડાવવાના જ પેંતરા કરેલા છે તેની ભૂમિકા આપી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે છેલ્લા અગિયાર વર્ષથી ગુજરાતના વિકાસની પીઠ સૌ થાબડે છે, ગૌરવ કરે છે પણ તેનું બધું શ્રેય, આજના અફડા-તફડીના યુગમાં પણ ગુજરાતની જનતાએ કોઈના પ્રભાવમાં આવ્યા વગર રાજકીય સ્થિરતા જાળવી છે, વિકાસથી વિચલિત થયા નથી તેને ફાળે જાય છે. જો ગુજરાતમાં રાજકીય અસ્થિરતા હોત, છાશવારે સરકાર બદલાતી હોત તો બાર બાર વર્ષથી વિકાસ ચાલ્યો ના હોત. એમ તેમણે જણાવ્યું હતું.

### ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા અપાયેલ

# ડિઝલ પર સબસિડી વચન શ્રેણીબદ્ધ પ્રશ્નો ઉઠાવે છે

## જાણકારોના મતે ડિઝલ ઉપર સબસિડીનું વચન પાળવું મુશ્કેલ અને ઘણીબધી નવી વ્યવસ્થા કરવી પડે તેવું છે

અમદાવાદ, તા. ૪

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા વિધાનસભાની ચૂંટણી ૨૦૧૨માં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ટક્કર આપવા માટે કમર કસવામાં આવી છે. જેના ભાગરૂપે ગુજરાત પ્રદેશ કોંગ્રેસે પ્રજા વિકાસ દર્શન ૨૦૧૨ના રૂપેરા મથાળા હેઠળ ૧૨ મુદ્દાઓ રજુ કરવામાં આવ્યા છે અને ત્યાર બાદ મંગળવારે ચૂંટણી ઢંઢેરો જાહેર કરવામાં આવ્યો છે. જેમાં બાકી જાહેરાતો-તેમના પ્રકાશ વિકાસ દર્શનના ૧૨ મુદ્દાઓ જ મારીમચોડીને રજુ કરવામાં આવ્યા છે. પરંતુ જેમાં એક વાત સૌનું ધ્યાન ખેંચે તેવી છે તે ડીઝલ ઉપર સબસિડી આપવાની છે.

આમ તો ભાજપ અને કોંગ્રેસ બંને દ્વારા જાહેર કરવામાં આવેલ વચનો હસીન સપનાઓ સમાન જ છે. પરંતુ કોંગ્રેસ જે ડીઝલમાં સબસિડીની વાત કરે છે તેનો અમલ લગભગ અશક્ય જેવો છે. એક બાજુ કેન્દ્ર સરકાર દ્વારા વર્ષોથી રાંધણગેસમાં આપવામાં આવતી સબસીડીમાં પણ કાપ મુકવામાં આવ્યો છે. અને રાજ્યમાં ડીઝલ ઉપર વેટની ટકાવારીને લઈને લડાઈ ચાલી રહી છે. જેનો ઉકેલ પણ હજી નજીકનાં ભવિષ્યમાં દેખાતો નથી ત્યારે કોંગ્રેસે જે રીતે ડીઝલની સબસીડીની વાત કરી છે. તે કેટલી શક્ય છે ? જો કોંગ્રેસ ડીઝલમાં સબસીડીનો અમલ કરવો તેને લઈ પ્રથમ સવાલ ઉત્પન્ન થાય તેમ છે.

જો કોંગ્રેસ ઓઈલ કંપનીઓને સીધી રીતે ડીઝલ સસ્તુ આપવાનું કહી ઉપરની રકમ સરકાર ચૂકવે તેવી વ્યવસ્થા કરે તો તેમાં મોટા પાયા ઉપર ભ્રષ્ટાચારની શક્યતા સર્જાય તેમ છે. આ ઉપરાંત જેમાં ગ્રાહકો કરતા ઓઈલ કંપનીઓ અને પેટ્રોલપંપ માલિકોને ફાયદો થવાની શક્યતા વધારે જણાઈ રહી છે. તેવામાં ગ્રાહકોનો સવાલ ત્યાંના ત્યાં ઉભો રહે. બીજી એક રીત છે સબસીડી યુક્ત ડીઝલ રેશનની દુકાનેથી વેચાણ કરવું. પરંતુ એ માટે કેન્દ્ર સરકારના સહયોગની જરૂર પડે. માની લો કેન્દ્ર સરકારનો સહયોગ મળી પણ જાય તો પણ જો રેશનીંગની દુકાનોથી સબસીડીયુક્ત ડીઝલનું વિતરણ કરાય તો રેશનીંગના કાર્ડ ધારકોને ફાયદો થાય બાકી ગ્રાહકોનું શું. એ સવાલ તેને લઈને પણ કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી ત્યારે સબસીડી યુક્ત ડીઝલની વાત લોલીપોપ બતાવવા જેવી લાગી રહી છે. વળી બીજી બાજુ જોઈએ તો કોંગ્રેસ એક બાજુ રાજ્ય સરકાર ઉપરનાં ખર્ચાઓનું ભારણ ઘટાડી જાહેર દેવું ઘટાડવાની વાત કરે છે ત્યારે આવી સબસીડીનું ભારણ સરકાર કઈ રીતે ઉઠાવી શકે ? તે સવાલ પણ ઉદ્ભવે છે.

# ડાકોરમાં રણછોડરાયના દર્શન સાથે જ મોદી પ્રચાર શરૂ કરશે

અમદાવાદ, તા. ૪

ગુજરાતમાં ૧૩ ડિસેમ્બર અને ૧૭ ડિસેમ્બરના રોજ યોજાનારી ગુજરાત વિધાનસભા ચૂંટણીના ઉમેદવારોના પ્રચારાર્થે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ૫ ડિસેમ્બરના રોજ ડાકોર ભગવાન રણછોડરાયના દર્શન કરી ઝંઝાવાતી ચૂંટણી પ્રવાસનો પ્રારંભ કરશે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ૫ ડિસેમ્બર ચૂંટણી પ્રચાર કાર્યક્રમની વિગતો આપતા ભાજપાના મીડીયા ઈન્ચાર્જ ડો. જગદીશ ભાવસારે જણાવ્યું હતું કે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સવારે ૯.૦૦ કલાકે ડાકોરના પવિત્ર મંદિરે ભગવાન રણછોડરાયના દર્શન કરી ભવન્સ કોલેજના મેદાન ખાતે જાહેરસભાને સંબોધી પોતાના પ્રવાસનો પ્રારંભ કરશે અને ગુજરાતમાં સાર્વત્રિક કમળ લહેર ઉભી કરવા જનતા જનાર્દનને આહવાન કરશે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ડાકોર સભાને સંબોધી સવારે ૧૦.૩૦ કલાકે મધુબા પાર્ટી પ્લોટ, અંબિકા સો મીલ સામે, કાલોલ જાહેરસભા સંબોધશે. કાલોલથી સાયલા લાલજી મહારાજની જગ્યા બપોરે ૧૨.૨૦ કલાકે, અને ૧.૪૫ કલાકે મહાવીર જીન કંપાઉન્ડ વાંકાનેર જાહેરસભાને સંબોધવા પહોંચશે.

### પાઠ્યપુસ્તકોના ભાવ ઓછા કરાશે

# કોંગ્રેસના ઢંઢેરામાં શું છે

કોંગ્રેસે આજે વિધાનસભાની ચૂંટણી પહેલા તેનો ચૂંટણી ઢંઢેરો જારી કર્યો હતો. ચૂંટણી ઢંઢેરામાં કોંગ્રેસે શ્રેણીબદ્ધ નવા વચનો આપ્યા છે. જે નીચે મુજબ છે.

૧. ધોરણ -૧૦ પાસ વિદ્યાર્થિઓને ટેબ્લેટ અને ધોરણ ૧૨ પાસ કરનારને લેપટોપ અપાશે.
૨. પીવાના પાણીને ઘેર-ઘેર પહોંચાડાશે.
૩. ૧૦ લાખ ખેડૂતોને વીજળીનું કનેક્શન સમયસર મળે તે માટે કાનૂન લવાશે અને ૬ મહિનામાં વીજળી કનેક્શન મળે તેવી વ્યવસ્થા કરાશે.
૪. ખેડૂતોને ૬ કલાકને બદલે ૧૬ કલાક વીજળી અપાશે.
૫. ઘરવપરાશની વીજળીમાં ૫૦ યુનિટ સુધીની રાહત અપાશે.
૬. એક લાખ સરકારી નોકરીઓ ઉભી કરાશે. તમામ ખાલી જગ્યાઓ ભરાશે. છઠ્ઠા પગારપંચનો લાભ અપાશે.
૭. સરકારી નોકરી માટે વયમર્યાદા ૩૫ વર્ષની કરાશે.
૮. ૫ વર્ષમાં શિક્ષિતો માટે ૧૦ લાખ નોકરીની વ્યવસ્થા કરાશે.
૯. ખેતી, ખેડૂતો, ડેરી ઉદ્યોગ ઉપર ભાર મૂકવામાં આવશે.
૧૦. પાઠ્યપુસ્તકોના ભાવ ઓછા કરાશે.
૧૧. વિદ્યાસહાયક અને શિક્ષકોને પૂરો પગાર અપાશે.
૧૨. વિદ્યાસહાયક અને શિક્ષક સહાયકની જગ્યા નાબૂદ કરાશે.
૧૩. માછીમારોને ડીઝલ ઉપર સબસિડી અપાશે.
૧૪. ઘરવપરાશની વીજળીમાં ૫૦ યુનિટ સુધીની રાહત અપાશે.
૧૫. ૩ લાખથી ઓછી આવક ધરાવનારાઓને મફત સારવાર અપાશે.
૧૬. સરકારી નોકરી માટે વયમર્યાદા ૩૫ વર્ષની કરાશે.
૧૭. માછીમારોને ડીઝલ ઉપર સબસીડી અપાશે.
૧૮. શહેરી ગરીબો માટે નજીવી કિંમતે ઘર અપાશે.
૧૯. ઘરના ઘરનું મોડેલ-સેમ્પલ હાઉસનું બે-ત્રણ દિવસમાં ખુલ્લું મૂકાશે.
૨૦. પછાત વર્ગને વિકાસમાં અગ્રીમતા અપાશે.
૨૧. બંધ થયેલ ઈન્ડસ્ટ્રીઝને પુનઃ શરૂ કરાશે.
૨૨. ઉદ્યોગોમાં સ્થાનિકોને ૮૫ ટકા રોજગારી અપાશે.
૨૩. પ્રવાસ ઉદ્યોગને વિકસાવવામાં આવશે.
૨૪. સચિવાલયના દરવાજા બધા માટે ખુલ્લા મુકાશે.
૨૫. ખેડૂતો અને મહિલાઓ માટે સેવાઓ આપવામાં આવશે.
૨૬. વ્યાજમુક્ત શિક્ષણ લોન અપાશે.
૨૭. પાંચ કિલોમીટરના એરીયામાં સ્કુલ હશે.
૨૮. ખેતી માટે એક્ષપર્ટ ઝોન ઉભા કરાશે.
૨૯. નિશ્ચિત સમયમાં કામ પૂરું કરવાનો કાયદો આવશે.
૩૦. પછાત વિસ્તારમાં ઉદ્યોગની સ્થાપના કરાશે.
૩૧. ખાણ-ખનીજ ઉદ્યોગને પ્રોત્સાહન અપાશે.
૩૨. આરટીઆઈ એક્ટનો પૂરેપૂરો અમલ કરાશે.
૩૩. કન્યા કેળવણીના વિકાસ માટે વિદ્યાર્થીઓને પુસ્તકો મફત અપાશે.
૩૪. રાઈટ ટુ એજ્યુકેશનનો અમલ કરાશે.
૩૫. ઉદ્યોગો માટે નહીં આમ આદમી માટે સરકાર બનશે.
૩૬. સાગર તટ ઉપર માછીમારોને વિશેષ સુવિધા આપવામાં આવશે.
૩૭. પાંચ કિલોમીટરના એરીયામાં સ્કુલ હશે. સાગર તટ ઉપર માછીમારોને વિશેષ સુવિધા આપવામાં આવશે.
૩૮. હેરીટેજ સ્થળનો જરૂરી વિકાસ કરાશે.
૩૯. દરેક તાલુકામાં આરટીઆઈ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ખોલાશે.
૪૦. સરકારી દવાખાનામાં મફત સારવાર અપાશે.
૪૧. આદિવાસી વિસ્તારમાં ફરતા દવાખાનાની વ્યવસ્થા ઉભી કરાશે.
૪૨. કેરી અને ઈસબગુલ માટે ખાસ નિકાસ ઝોન બનાવાશે.
૪૩. ખેડૂતોને પાક વીમો અપાશે.
૪૪. ગૌચરની જમીનો અન્ય હેતુ માટે નહીં અપાય.
૪૫. શાળાના પાઠ્યપુસ્તકના ભાવમાં ઘટાડો કરાશે.
૪૬. ઈન્દિરા આવાસ યોજના હેઠળ ૪ લાખ મકાનો ઉભા કરાશે.
૪૭. વિધવા સહાયમાં વધારો કરાશે.
૪૮. રાઈટ ટુ ફોરેસ્ટ લેન્ડ એક્ટનો ૬ મહિનામાં અમલ
૪૯. આદિવાસી વિસ્તારમાં વીજળી બીલમાં રાહત
૫૦. ઓટોરિક્ષા વેલ્ફેર બોર્ડની રચના કરાશે.
૫૧. ખેતીના સાધનો ખરીદવા બે ટકાના દરે લોન અપાશે.
૫૨. શિક્ષણ, રમતગમત અને સાંસ્કૃતિક ક્ષેત્રનો વિકાસ કરાશે.
૫૩. પશુપાલકો માટે બે ટકાના દરે લોન અપાશે.
૫૪. ૭-૧૨, ૮-અ ના ઉતારા ગ્રામ પંચાયતોમાંથી અપાશે.
૫૫. એસસી એસટી વિદ્યાર્થીઓ માટે નિવાસી શાળા અપાશે.
૫૬. મહારાષ્ટ્રને પર્યટન માટે દરિયાઈ માર્ગેથી જોડવામાં આવશે.
૫૭. ડેરી, મત્સ્યોદ્યોગને પ્રોત્સાહન અપાશે.
૫૮. શાળામાં અભ્યાસ કરતા બાળકોને યુનિફોર્મમાં સબસિડી અપાશે.
૫૯. સાગર તટ ઉપર માછીમારોને વિશેષ સુવિધા અપાશે.
૬૦. સોલાર પાવરથી સ્ટ્રીટ લાઈટ અપાશે.
૬૦. ટકા અનામત મહિલાઓ માટે સ્થાનિક ચૂંટણીઓમાં રખાશે.
૬૧. ૫૦ ટકા અનામત મહિલાઓ માટે સ્થાનિક ચૂંટણીઓમાં રખાશે.
૬૨. દલિત, આદિવાસી બાળકો માટે શાળાઓમાં ભોજનની વ્યવસ્થા કરાશે.
૬૩. સાચર કમિટીનો અમલ કરાશે.
૬૪. પાંચ વર્ષમાં ઝીરો સ્લમ કરાશે.
૬૫. વેન્ડર પોલીસી બનાવાશે.
૬૬. યુદ્ધના ધોરણે નર્મદા યોજનાનું અમલ કરવામાં આવશે.
૬૭. નવા ડેમ બનાવવામાં આવશે.